પત્રિકા
૧૮૬-૧

# ચિરાગે હિદાયત

૨૩/૧૧/૧૮
૧૪ ર.અવ્વલ

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૪ રબી.અવ્વલ/૧૭ નવેમ્બર : યઝીદ(લ.અ.) જહન્નમ વાસિલ થયો.
૧૭ રબી.અવ્વલ/૨૬ નવેમ્બર : વિલાદતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અને વિલાદતે હઝરત ઈમામ જાફર સાદિક(અ.સ.)
૧૮ રબી.અવ્વલ/૨૭ નવેમ્બર : વિલાદતે જનાબે ઉમ્મે કુલસુમ(સ.અ.)

## યઝીદ(લ.અ.)ની ઝિંદગી

યઝીદ(લ.અ.) કરબલાના બનાવનો ખરો અને સૌથી મોટો ગુનેહગાર હતો. કરબલાના બનાવના ૩૮ વર્ષ પછી ચૌદ રબીઉલ અવ્વલમાં યઝીદ ઝિલ્લતો રૂસ્વાઈની સાથે તે વાસિલે જહન્નમ થયો. તેના મર્યા પછી ઝલીલ ખાનદાન અબુ સુફિયાન(લ.અ.)ની હુકૂમત ખત્મ થઈ ગઈ.

ઈસ્લામના ઈતિહાસમાં ઈમામ હુસૈન(અ.સ.)ના કાતિલોમાં બદબખ્ત અને બેરહમ ઝાલિમ તરીકે યઝીદ(લ.અ.)નો શુમાર થયો છે. દિરહમો દિનારના લાલચીઓએ હુકૂમત માટે ફરઝંદે રસૂલેખુદા(સ.અ.વ.)ને બેદર્દીથી શહીદ કર્યા.

યઝીદ(લ.અ.)ની માં 'મૈસૂન' જે બજદલ કલ્બીની દિકરી હતી. તેની માં એક બદકાર ઔરત હતી. ઘણા બધા હવાલાથી ઈતિહાસમાં આ વાત સાબિત હતી કે યઝીદ(લ.અ.) નાજાએઝ રીતે ૨૫ અથવા ૨૬ હિજરીમાં પૈદા થયો. મશહૂર છે કે તે મોઆવિયાનો જ નાજાએઝ પુત્ર હતો. યઝીદ(લ.અ.)ના પૈદા થયા પછી મોઆવિયાએ યઝીદને તેની

માંની સાથે મૈસૂનના કબીલામાં મોકલી દીધો. તે કબીલામાં જેટલી પણ બદ્અખ્લાકી હતી જેવી કે કુતરા સાથે રમવું, શિકારનો શોખ રાખવો, જાનવરો પાળવા, શરાબ પીવી, નાચગાનનો શોખ, રંગરેલી વિગેરે તેના સ્વભાવમાં આવી ગઇ હતી. ટૂંકમાં તે ઐયાશ બની ગયો હતો.

તે હુકૂમતથી ખૂબજ દૂર અને શેરો શાયરી તેમજ હુસ્ન પરસ્તીનો શોખ રાખતો હતો. ન તો તેનામાં શુજાઅત હતી કે ન તો તેનામાં બહાદૂરી હતી.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું ''ઈમામ હુસૈન(અ.સ.)ના કાતિલોના હાથ-પગ સાંકળથી બાંધી, માથું પકડીને આગના તાબુતમાં નાખવામાં આવશે. તે આગનું તાબુતમાં રહેલો અઝાબ એવો હશે કે અડધી દુનિયાનો અઝાબ ફક્ત તે તાબુતમાં જ હશે.''

યઝીદ કેવી રીતે મર્યો તે બાબતે રિવાયતોમાં ઘણા બધા ઈખ્તેલાફ છે. સૈયદ ઈબ્ને તાઉસ દ્વારા લગુફમાં એક રિવાયત નકલ કરવામાં આવી છે જે મુજબ યઝીદ એક દિવસ પોતાના સાથીઓ સાથે જંગલમાં શિકાર કરવા માટે ગયો. તે બે-ત્રણ દિવસ સુધી શામના શહેરથી દૂર રહ્યો. જંગલમાં અચાનક એક હરણ તેની નજરમાં આવ્યું. તેણે તેના સાથીઓને કહ્યું કે આ હરણનો શિકાર હું એકલો કરીશ. મારી સાથે કોઈ ન આવે. આમ કહી તે હરણની પાછળ એક જગ્યાથી બીજી જગ્યાએ ભાગતો રહ્યો અને ખોવાઇ ગયો. નોકરોએ જંગલમાં યઝીદ(લ.અ.)ની

ખૂબજ શોધખોળ કરી પણ નાકામ રહ્યા.

બીજી તરફ યઝીદ(લ.અ.)એ જંગલમાં રહેવાવાળાઓની પાસે આવી પહોંચ્યો. જંગલવાસીઓએ યઝીદ(લ.અ.)ને પીવા માટે કૂવામાંથી પાણી કાઢી આપ્યું, પણ તેઓએ ન તેની ઇઝ્ઝત કરી કે ન તેને સલામ કરી. યઝીદ(લ.અ.)એ તે લોકોને કહ્યું ''અગર તમે મને ઓળખો કે હું કોણ છું તો તમે મારો એહતેરામ કરશો.'' જંગલવાસીઓએ કહ્યું ''અય શખ્સ! તું કોણ છે?'' યઝીદ(લ.અ.)એ કહ્યું ''હું મોઆવિયાનો પુત્ર છું'' જંગલવાસીઓએ કહ્યું ''અય દુશ્મને ખુદા અને દુશ્મને રસૂલેખુદા(સ.અ.વ.)! ખુદાની કસમ તું જ ઇમામ હુસૈન(અ.સ.)નો કાતિલ છે.''

ગુસ્સામાં આવીને તે લોકોએ તેની તલવારને ખેંચી અને ચાહ્યું કે યઝીદ(લ.અ.)ના માથામાં તલવાર મારે પણ તલવાર ઘોડાના માથામાં વાગી અને ઘોડો ઝખ્મને કારણે ઝડપથી ભાગ્યો. યઝીદ(લ.અ.) ઘોડાની પીઠ પર લટકેલો રહી ગયો. ઘોડો યઝીદ(લ.અ.)ને ઝમીન પર ખેંચતો ખેંચતો તેઝીથી ભાગતો રહ્યો. ઘોડાએ યઝીદ(લ.અ.)ને ઝમીન પર એટલો ખેંચ્યો કે તેના શરીરના ટૂકડે ટૂકડા થઇ ગયા. યઝીદ(લ.અ.)ના સાથી જ્યારે તેને શોધતા શોધતા ત્યાં પહોંચ્યા તો તેઓને યઝીદના શરીરનું એક પણ અવયવ ન મળ્યું. જ્યારે ઘોડાની પાસે આવ્યા તો ફક્ત યઝીદની પીંડલી ઘોડા ઉપર લટકી રહી હતી.